# ૧૯મી સદીના ગુજરાતની સાંસ્કૃતિક અને સાહિત્યિક આબોહવા

નિરંજન ભગત

# *૧૯મી સદીના ગુજરાતની સાંસ્કૃતિક અને સાહિત્યિક આબોહવા*

પ્રમુખશ્રી, મુરબ્બીઓ અને મિત્રો,

૨૦૧૬નું વર્ષ એલેક્ઝાંડર કિન્લોક ફોર્બ્સની ૧૫૦મી મૃત્યુતિથિનું અને શ્રી ફાર્બસ ગુજરાતી સભાની ૧૫૦મી જન્મતિથિનું વર્ષ છે. સૌ પ્રથમ તો એ ઉદાત્ત આત્માની સ્મૃતિને હું કૃતજ્ઞતાપૂર્વક વંદન કરું છું અને શ્રી ફાર્બસ ગુજરાતી સભાને શુભેચ્છા પાઠવું છું. આ પરિસંવાદ દ્વારા ગુજરાતના એક સહૃદય સંમિત્રનું, એક સંસ્કારપુરુષનું સ્મરણ કરવા આજે આપણે સૌ અહીં એકત્ર થયા છીએ. એ આપણા સૌને માટે આનંદ અને ગૌરવનો વિષય છે.

સાહિત્ય અકાદમી, દિલ્હી, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, બળવંત પારેખ સેન્ટર, વડોદરા, અને ગુજરાત વિદ્યાસભા, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં બીજરૂપ વક્તવ્ય રજૂ કરવા મને આમંત્રણ આપવામાં આવ્યું એ માટે સૌ સંસ્થાઓનો અને એમના કાર્યવાહકોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

મારા વક્તવ્યનો વિષય છે *૧૯મી સદીના ગુજરાતની સાંસ્કૃતિક અને સાહિત્યિક આબોહવા*. વક્તવ્ય માટેનો સમય છે અરધો કલાક અને વિષય માટેનો સમય છે એક સદી. વિરાટને વામન રૂપે પ્રગટ કરવાનું સહેલું નથી, એ નર્યું સાહસ છે. પણ મારું વક્તવ્ય બીજરૂપ

વક્તવ્ય છે અને એ મુખ્ય અને મહત્વની ઘટનાઓ અને વ્યક્તિઓમાં સીમિત છે એથી થોડી રાહત છે.

વકતવ્યના આરંભે જ કહેવું જોઈએ કે ૧૯મી સદીના ગુજરાતની સાંસ્કૃતિક અને સાહિત્યિક આબોહવા એ અંગ્રેજ શાસકો અને સજજનો તથા ગુજરાતી સાક્ષરો અને શિક્ષિતોની સહિયારી સરજત છે. વળી એ પણ વક્તવ્યના આરંભે જ કહેવું જોઈએ કે સમાજના એક લઘુમતિ વર્ગ પર, સાક્ષરો અને શિક્ષિતોના વર્ગ પર જ આ આબોહવાનો પ્રભાવ હતો. સમાજના બહુમતિ વર્ગ પર, નિરક્ષરો અને અશિક્ષિતોના વર્ગો પર આ આબોહવાની અસર ન હતી.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં, સદીના અંતે, આ આબોહવાની પરાકાષ્ટા હતી. આ આબોહવા પૂરેપૂરી જામી હતી. પણ ૧૯મી સદીના પૂર્વાર્ધમાં આ આબોહવાના આગમનના ચિહ્નો પ્રગટી ચૂક્યા હતા. સૂરત અને મુંબઈથી વિશેષ તો અમદાવાદમાં આ ચિહ્નો પ્રગટ્યાં હતાં. આ સંદર્ભમાં અહીં બે અંગ્રેજ સજ્જાનોનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરવું જોઈએઃ જ્હોન એન્ડ્રુ ડનલોપ અને એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ.

૧૮૧૭માં મરાઠાઓ – પેશ્વાઓ અને અંગ્રેજો વચ્ચે ખડકીના યુદ્ધમાં અંગ્રેજોનો વિજય થયો હતો. પછી અંગ્રેજો સાથેની પેશ્વાઓની સંધિ અનુસાર અમદાવાદ અંગ્રેજોને સુપરત કરવામાં આવ્યું હતું

અને ગાયકવાડની હવેલી પર યુનિયન જેક ઊડતો થયો હતો. ૧૮૧૭ના નવેમ્બરની ૩૦મીએ અમદાવાદના પ્રથમ કલેક્ટર તરીકે જ્હોન એન્ડ્રુ ડનલોપનું અમદાવાદમાં આગમન થયું હતું. આરંભે જ ડનલોપે  જે અમદાવાદ જોયું તે અમદાવાદ કેવું હતું? એમનો અમદાવાદનો અનુભવ કેવો હતો?

૧૪૧૧થી ૧૫૭૨ લગી સુલતાનો અને ૧૫૭૨થી ૧૭૫૭ લગી મોગલ સુબાઓએ અમદાવાદમાં શાસન કર્યું હતું. એમના શાસનની કુલ ત્રણેક સદીમાં એમણે ક્રમે ક્રમે અમદાવાદને આબાદ કર્યું હતું અને એમના શાસનના અંત લગી અમદાવાદ આબાદ રહ્યું હતું. ૧૭૫૭થી ૧૮૧૭ લગી મરાઠાઓ અને પેશ્વાઓએ અમદાવાદમાં શાસન કર્યું હતું. એમણે એમના શાસનના છએક દાયકામાં જ એ આબાદ અમદાવાદને સંપૂર્ણપણે બરબાદ કર્યું હતું. એમણે અમદાવાદને લૂંટ લૂંટ જ કર્યું હતું. લૂંટ કરવા સિવાય કશું જ કર્યું ન હતું.

મરાઠાઓ અને પેશ્વાઓમાં અમદાવાદ જેવા વ્યાપાર અને ઉદ્યોગના સદ્ધર અને સમૃદ્ધ નગરનું શાસન કરવા માટેની બૌદ્ધિક ક્ષમતા કે સૂઝસમજ ન હતી. એટલું જ નહિ પણ એથી ઊલટું એમનામાં અથાગ ગૃધવૃત્તિ અને અપરિમેય ધનલોલુપતા હતી. એથી એમણે માલસામાન અને ચીજવસ્તુઓની આયાત અને નિકાસ પર ૧૫ થી ૨૫ ટકા જેટલો ભારે કરવેરો ઝીંકયો હતો. કોટની અંદરના

વિસ્તારમાં અને બહારના વિસ્તારમાં એમણે માલસામાન અને ચીજવસ્તુઓની લૂંટફાટ કરી હતી. અમદાવાદ ત્રણ તાંતણે – સૂતર, રેશમ અને કસબના તાંતણે જીવતું હતું. એમણે ત્રણે તાંતણાનો હ્રાસ કર્યો હતો. એમણે વ્યાપાર અને ઉદ્યોગ તેમ જ અન્ય વ્યવસાયોનો પણ નાશ કર્યો હતો. અસંખ્ય કસબીઓ અને કારીગરો – સવિશેષ વણકારો – નિષ્ક્રિય અને બેકાર બન્યા હતા. લૂંટ અને લાંચ, ત્રાસ અને તુમાખીને કારણે સર્વત્ર અશાંતિ અને અરાજકતા હતી. નાગરિકોની સલામતી ન હતી, એમના જાનમાલનું રક્ષણ ન હતું. એથી અસંખ્ય નાગરિકો, વ્યાપારીઓ, ઉદ્યોગકારો, કસબીઓ અને કારીગરો સ્થળાંતર કરી ગયા હતા. ૧૭૫૭માં જે અમદાવાદની ત્રણ લાખની વસ્તી હતી તેમાં હવે ૧૮૧૭માં એંશી હજારની વસ્તી હતી. અનેક રસ્તાઓ ભાંગી ગયા હતા. ઠેર ઠેર કચરો અને કીચડ જામી ગયા હતા. ક્યાંક ક્યાંક કોટ અને દરવાજા તૂટી ગયા હતા. અસંખ્ય ઘરો ખંડેરની જેમ ઉજ્જડ થયા હતા. એમાં વારેવારે પશુઓ અને ક્યારેક રાની પશુઓ વસી જતા હતા. હવે અમદાવાદ મૃતઃપ્રાય હતું; અમદાવાદ એક સ્મશાનભૂમિ સમું હતું.

ડનલોપે જે અમદાવાદ જોયું તે અમદાવાદ આવું હતું. આવો હતો તેમનો અમદાવાદનો અનુભવ. એમને સૌ પ્રથમ તો અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાનો સંપૂર્ણ અભાવ છે અને એથી સર્વત્ર અશાંતિ અને અરાજકતા છે એવો અનુભવ થયો હતો. આ

ઉપરાંત સતત લૂંટ અને લાંચ, ત્રાસ અને તુમાખી તથા ભારે કરવેરાને કારણે અમદાવાદના એક સમયના સદ્ધર અને સમૃદ્ધ વ્યાપાર અને ઉદ્યોગનો સંપૂર્ણ નાશ થયો હતો અને એક સમયનું આબાદ અમદાવાદ સંપૂર્ણ બરબાદ થયું હતું એવી એમની પ્રતીતિ હતી. એથી કાયદો અને વ્યવસ્થા એમની પ્રથમ અગ્રતા હતી. એમના અમલના આરંભે જ એમણે કાયદા અને વ્યવસ્થાનું કઠોર પાલન કર્યું અને કરાવ્યું હતું અને શાંતિ અને સુવ્યવસ્થાનું વાતાવરણ સર્જ્યું હતું. એને કારણે જે અસંખ્ય નાગરિકો, વ્યાપારીઓ, ઉદ્યોગકારો, કસબીઓ અને કારીગરો સ્થળાંતર કરી ગયા હતા તેમાંથી મોટા ભાગના પાછા ફર્યા હતા. અમદાવાદનો સ્થાનિક વ્યાપાર અને ઉદ્યોગ સદ્ધર અને સમૃદ્ધ ન થાય ત્યાં લગી એમણે ઇંગ્લેન્ડના ઉત્પાદન અને એના વેચાણને નહીં પણ સ્થાનિક ઉત્પાદન અને એના વેચાણને પ્રોત્સાહન અને ઉત્તેજન આપ્યું હતું. ૧૮૧૯ના ઓક્ટોબરથી જ માલસામાન અને ચીજવસ્તુઓની આયાત અને નિકાસ પર ૧૫થી ૨૫ ટકાના ભારે કરવેરાને સ્થાને માત્ર ૨.૫ટકાનો નજીવો કરવેરો હતો અને કાચા માલની આયાત નિકાસ કરમુક્ત હતી. એથી એમના અમલના બે અઢી દાયકામાં તો અમદાવાદનો વ્યાપાર અને ઉદ્યોગ પૂર્વવત્ સદ્ધર અને સમૃદ્ધ થયો હતો.

ડનલોપને અમદાવાદના નગરજનોની શક્તિમાં શ્રદ્ધા હતી. એમની સૈકા જૂની પરંપરાઓ પ્રત્યે આદર હતો. ડનલોપને અમદાવાદના પુનરુદ્ધારમાં વિશ્વાસ હતો. એમાં એમની આ સિદ્ધિનું રહસ્ય છે. એમણે એકલે હાથે જે પરિશ્રમ અને પુરુષાર્થ કર્યો એના ફળરૂપ આ એમની સિદ્ધિ છે. આ કોઈ નાનીસૂની સિદ્ધિ નથી. ગુજરાતમાં એક અંગ્રેજની આ સિદ્ધિ જેટલી આશ્ચર્યજનક છે એટલી જ આનંદજનક છે.

૧૮૧૮માં અમદાવાદમાં ડનલોપનું આગમન થયું તેના ત્રણેક દાયકા પછી ૧૮૪૬ના નવેમ્બરમાં એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સનું અમદાવાદમાં આગમન થયું હતું. આ અમદાવાદ જે ડનલોપે સર્જ્યું હતું તે સુખ અને શાંતિનું અમદાવાદ હતું. હમણાં જ જોયું તેમ આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં ડનલોપની સિદ્ધિ હતી, હવે પછી જોઈશું તેમ સાંસ્કૃતિક, સાહિત્યિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રોમાં ફોર્બ્સની સિદ્ધિ હતી. ડનલોપની સિદ્ધિમાં ફોર્બ્સની સિદ્ધિની અનિવાર્ય પૂર્વભૂમિકા છે. ડનલોપ હતા તો ફોર્બ્સ હતા. ડનલોપે જે સિદ્ધ કર્યું તે ન કર્યું હોત તો ફોર્બ્સે જે સિદ્ધ કર્યું તે ફોર્બ્સ કરી શક્યા હોત? આ પ્રશ્ન પૂછવા જેવો છે.

ફોર્બ્સનો જન્મ ૧૮૨૧ના જુલાઇની ૭મીએ લંડનમાં થયો હતો. તેઓ સ્કોટલેન્ડના શ્રીમંત કુટુંબના નબીરા હતા. તેઓ કલાપ્રિય હતા. લંડનમાં એમણે શિલ્પ-સ્થાપત્યનો થોડોક અભ્યાસ કર્યો હતો. એમને

ઇતિહાસ અને સાહિત્યમાં રસ હતો. પણ વિધિવશાત્ તેઓ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સિવિલ સર્વિસની તાલીમ પ્રાપ્ત કરીને ૨૨ વર્ષની વયે ૧૮૪૩ના ડિસેમ્બરની ૧૫મીએ ભારત આવ્યા હતા.

પ્રથમ તો તેઓ અહમદનગરમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિયુક્ત થયા હતા. જેમ કર્નલ ટોડે *રાજસ્થાનનો ઇતિહાસ* લખ્યો હતો અને ગ્રાન્ટ ડફે *મહારાષ્ટ્રનો ઇતિહાસ* લખ્યો હતો તેમ આ ઈતિહાસવિદ્ ને ગુજરાતનો ઇતિહાસ લખવાની મહત્વાકાંક્ષા હતી. તેથી એમણે અહમદનગરના કલેક્ટર પાસે હિન્દી અને મરાઠી ભાષાનો અભ્યાસ કર્યો હતો. થોડીક બદલીઓ થતી રહી હતી. પછી તેઓ અમદાવાદમાં આસિસ્ટન્ટ જજ તરીકે નિયુક્ત થયા હતા. ૧૮૪૬ના નવેમ્બરમાં ૨૫ વર્ષની વયે એમનું અમદાવાદમાં આગમન થયું હતું.

અમદાવાદમાં પ્રથમ તો એમણે અંગ્રેજી હાઇસ્કૂલના શિક્ષક ભોગીલાલ પાસે ગુજરાતીનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પણ સમયના અભાવે એ પ્રયત્ન નિષ્ફળ ગયો હતો. હવે તેઓ એમની ઇતિહાસ અને સાહિત્યની પ્રવૃત્તિમાં એમને સહાય કરી શકે એવા ગુજરાતીભાષી  સહાયકની શોધમાં હતા. એવામાં મિત્ર ભોળાનાથ સારાભાઈએ વઢવાણના દલપતરામની ભલામણ કરી હતી. એથી ફોર્બ્સે દલપતરામને *મોકલી મુદ્દામ માણસ તેડાવ્યા વઢવાણથી.* દલપતરામ પગપાળા પ્રવાસ કરીને અમદાવાદ આવ્યા

હતા ૧૮૪૮ના નવેમ્બરની ૧લીએ. અમદાવાદમાં ચાંદા સૂરજના મહેલમાં દૂભાષિયા તરીકે ભોળાનાથની હાજરીમાં ફોર્બ્સ અને દલપતરામની મુલાકાત યોજવામાં આવી હતી. મુલાકાતને અંતે ફોર્બ્સ દલપતરામના વ્યક્તિત્વથી પ્રસન્ન થયા હતા. બન્ને વચ્ચે પ્રથમ દ્રષ્ટિએ જ મૈત્રીભાવ જન્મ્યો હતો. એ જોતજોતામાં આત્મીયતામાં પરિણમ્યો હતો અને ૧૮૬૫માં ફોર્બ્સના અવસાન લગી જીવંત રહ્યો હતો. દલપતરામના બે મૈત્રીકાવ્યો – *ફાર્બસ વિલાસ* અને *ફાર્બસ વિરહ* એના સાક્ષી છે.

આ મુલાકાત પછી વીસેક દિવસમાં જ ૧૮૪૮ના ડિસેમ્બરની ૨૬મીએ ફોર્બ્સે પાંચ અંગ્રેજ અધિકારી મિત્રોના સહકારથી *ગુજરાત વર્નાક્યુલર સોસાયટી*ની સ્થાપના કરી હતી. પછી એમાં ગુજરાતીભાષી સભ્યોનો પ્રવેશ થયો હતો. ફોર્બ્સ એના સેક્રેટરી હતા અને દલપતરામ એના આસિસ્ટન્ટ સેક્રેટરી હતા. સોસાયટીની સૌ પ્રવૃત્તિઓ બન્ને મિત્રોએ સાથે રહીને કરી હતી. એથી ફોર્બ્સની સિદ્ધિ એક અર્થમાં ફોર્બ્સ અને દલપતરામની સહિયારી સિદ્ધિ હતી.

સોસાયટીએ એની સ્થાપના પછી તરત જ સાંસ્કૃતિક, સાહિત્યિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રમાં અનેક પ્રવૃત્તિઓનો આરંભ કર્યો હતો; ૧૮૪૯માં નેટિવ લાઈબ્રેરી (પછી હિમાભાઈના દાનથી નવું નામ હિમાભાઈ ઇન્સ્ટીટ્યુટ), એ જ વર્ષમાં સાપ્તાહિક *અમદાવાદ વર્તમાન*નું પ્રકાશન, ૧૮૫૦માં બે શાળાઓ –

કરુણાશંકર પ્રસ્થાપિત સહશિક્ષણની શાળા અને હરકુંવર શેઠાણી પ્રસ્થાપિત કન્યાશાળા - નું સંચાલન, ૧૮૫૧માં શાળાઓમાં પાઠ્યપુસ્તક તરીકે *હોપ વાચનમાળા* અને ગુજરાતી વ્યાકરણ, ૧૮૫૨માં ઇડરમાં *કવિમેળો*, ૧૮૫૪માં માસિક *બુદ્ધિપ્રકાશ*નું પ્રકાશન, ૧૮૫૬માં *રાસમાળા*નું પ્રકાશન. આ ઉપરાંત હસ્તપ્રતોનો સંગ્રહ, અનુવાદોને પ્રોત્સાહન, સમાજ સુધારણા માટે આર્થિક, રાજકીય, સામાજિક આદિ અનેક વિષયો પર નિબંધલેખનની નિયમિત સ્પર્ધા, સ્વમાલિકીનું મુદ્રણયંત્ર.

૧૮૬૨માં ફોર્બ્સ મુંબઈમાં હાઇકોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા હતા. એથી એમના અવસાન લગી તેઓ મુંબઈમાં વસ્યા હતા. મુંબઈમાં તેઓ અત્યંત લોકપ્રિય હતા. એમને એશિયાટિક સોસાયટીનું પ્રમુખપદ ઓફર કરવામાં આવ્યું હતું. એનો એમણે વિનયપૂર્વક અસ્વીકાર કર્યો હતો, પણ ઉપપ્રમુખપદનો સ્વીકાર કર્યો હતો. ૧૮૬૫ના માર્ચની ૨૫મીએ અનેક શ્રીમંતો અને રાજવીઓની આર્થિક સહાયથી *શ્રી ગુજરાતી સભા*ની સ્થાપના કરી હતી.

૧૮૬૫ના ઓગસ્ટની ૩૧મીએ પૂનામાં ૪૪ વર્ષની અતિ કાચી વયે *બહુ વિચારો કરવાથી અને ઘણાં કામ સાથે હોવાથી મગજમાં રોગ થયો* એથી એમનું અવસાન થયું હતું. એમના અવસાન પછી એમની સ્મૃતિમાં, એમના સ્મરણાર્થે *શ્રી ગુજરાતી સભા*નું *શ્રી ફાર્બસ ગુજરાતી સભા* એવું નવીન નામકરણ કરવામાં આવ્યું હતું. ગુણજ્ઞ

ગુજરાત એના આ સ્વજન સમા ગુજરાતપ્રેમી અંગ્રેજનું હમેશ માટે ઓશિંગણ રહેશે.

આ વક્તવ્યમાં અહીં લગી ૧૯મી સદીના પૂર્વાર્ધમાં જે મુખ્ય અને મહત્ત્વની ઘટનાઓ અને વ્યક્તિઓને કારણે ૧૯મી સદીના ગુજરાતની સાંસ્કૃતિક અને સાહિત્યિક આબોહવાના આગમનના ચિહ્નો પ્રગટ થયાં હતાં એમનો થોડોક પરિચય કરાવવાનો પ્રયત્ન છે. આ વક્તવ્યમાં હવે પછી ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં જે મુખ્ય અને મહત્ત્વની ઘટનાઓ અને વ્યક્તિઓને કારણે એ આબોહવા ક્રમે ક્રમે સદીના અંત લગીમાં પૂરેપૂરી જામી હતી એમનો થોડોક પરિચય કરાવવાનો પ્રયત્ન છે.

પશ્ચિમ ભારતમાં ન્હાનાલાલે કહ્યું હતું, *ભારતમાં અંગ્રેજોનું આગમન એ વિધાતાનો સંકેત છે.* પૂર્વ ભારતમાં રવીન્દ્રનાથે ગાયું હતું, *પશ્ચિમે આજિ ખૂલિયાછે દ્વાર.* હમણાં જ જોઈશું તેમ ભારતમાં અંગ્રેજોનું આગમન એ સાચ્ચે જ વિધાતાનો સંકેત હતો અને એને કારણે પશ્ચિમના દ્વાર સાચ્ચે જ ખૂલી ગયા હતા. આપણા બે મહાન કવિઓનું આ ભારત દર્શન હતું.

૧૮૫૭ના બળવાની હિંસા પછી ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં અંગ્રેજોના જાનમાલનું અને સ્ત્રી-બાળકોનું રક્ષણ કરવાની શક્તિ ન હતી. એથી ૧૮૫૮માં રાણી વિક્ટોરિયાના ઢંઢેરા દ્વારા બ્રિટિશ પાર્લામેન્ટે કંપની પાસેથી વિધિસર સત્તા હસ્તગત કરી હતી. આ

સમય લગીમાં લગભગ સમગ્ર ભારતમાં કંપનીનું વર્ચસ્ વ્યાપી ગયું હતું. ભારત જેવા એક વિશાળ પ્રદેશનું શાસન કરવું સહેલું ન હતું. એને માટે ગંજાવર માનવશક્તિ જોઈએ. ભારતમાં એકલે હાથે શાસન કરવા માટે મોટી સંખ્યામાં અંગ્રેજોનું ભારત આવવું શક્ય ન હતું. એથી શાસનમાં સ્થાનિક શિક્ષિત નવયુવાનોની ભાગીદારી અનિવાર્ય હતી. એથી આવા નવયુવાનોના શિક્ષણ માટે ૧૮૫૮માં જ મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી હતી.

અંગ્રેજોના આગમનને કારણે આપણને માત્ર અંગ્રેજોની સંસ્કૃતિનો જ નહિ પણ એ જે સંસ્કૃતિનો અંતર્ગત અંશ હતી તે પશ્ચિમની અર્વાચીન યુરોપીય સંસ્કૃતિનો પરિચય થયો હતો. પશ્ચિમની અર્વાચીન યુરોપીય સંસ્કૃતિ એ ૧૬મી સદીના રેનેસાંની, પુનરુત્થાનની વિજ્ઞાનવાદી, ભૌતિકતાવાદી, ધર્મનિરપેક્ષતાવાદી, બિનસાંપ્રકતાવાદી, ઉદારમતવાદી, સમાનતાવાદી, માનવતાવાદી, વ્યક્તિતાવાદી એવા એક મહાન બૌદ્ધિક આંદોલનની સરજત છે. આ સંસ્કૃતિ ઈશ્વરકેન્દ્રિત ન હતી, માનવકેન્દ્રિત હતી. ૧૯મી સદીના મધ્યભાગમાં જ અંગ્રેજોના શાસનનો આરંભ થયો એની સાથે જ આપણને આપણા બાહ્યજીવન અને આંતરજીવનમાં આ પુનરુત્થાનની સંસ્કૃતિના મૂલ્યોના પ્રબળ પ્રભાવનો અનુભવ થયો હતો.

સૌ પ્રથમ તો આપણને આપણા જીર્ણશીર્ણ સમાજની રૂઢિઓ અને પરંપરાઓના વિરૂપ અને વિકૃત સ્વરૂપનું ભાન થયું; આપણે એક નિર્મૂળ અને નિષ્પ્રાણ પ્રજા છીએ તેનું જ્ઞાન થયું. એથી આપણે આપણા બાહ્યજીવનમાં સુધારણાનો પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. આ સમયમાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચે, પ્રાચીન અને અર્વાચીન વચ્ચે તીવ્ર સંઘર્ષ થયો હતો. પૂર્વના પ્રાચીન ધર્મ અને પશ્ચિમના અર્વાચીન ધર્મ અંગે ઊગ્ર વાદવિવાદ અને સંવાદનું વાતાવરણ સર્જાયું હતું. રમણભાઈ અને મણિલાલ તથા ગોવર્ધનરામ અને આનંદશંકરનાં અઢળક લખાણો એના સાક્ષી છે. નર્મદના *યા હોમ કરીને પડો* અને દલપતરામના *ધીરે ધીરે સુધારાનો સાર*થી સુધારાનો આરંભ થયો હતો. સૂરતમાં સુધારાની પ્રવૃત્તિમાં પાંચ દદ્દા સક્રિય હતા. નર્મદે *દાંડિયો* પ્રગટ કર્યું હતું. સુધારાની ચર્ચાવિચારણા માટે *માનવધર્મસભા*ની સ્થાપના કરવામાં આવી હતી. આ વાતાવરણની વચ્ચે ધર્મ અને સમાજસુધારણાની પાંચ સંસ્થાઓ – ભોળાનાથનો પ્રાર્થના સમાજ, દયાનંદ સરસ્વતીનો આર્ય સમાજ, સહજાનંદ સ્વામીનો સ્વામીનારાયણ સંપ્રદાય, નૃસિંહાચાર્યનો શ્રેયસઃસાધક વર્ગ અને એની બેસન્ટની થીઓસોફિકલ સોસાયટી – અસ્તિત્વમાં આવી હતી. આજે પણ આ સંસ્થાઓ સક્રિય છે. આ સમય *સંક્રાંતિ યુગ* અથવા *સુધારા યુગ* તરીકે ઓળખાય છે.

આપણા સૌ સાક્ષરોએ – નર્મદ, હરિલાલ, કેશવલાલ, ગોવર્ધનરામ, નરસિંહરાવ, બાલાશંકર, મણિલાલ, મણિશંકર, આનંદશંકર, રમણભાઈ, બલવંતરાય અને ન્હાનાલાલે – મુંબઈ યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. એમાં દલપતરામ અને કલાપી અપવાદરૂપ હતા. ઉમાશંકરે આ સાક્ષરોને *પ્રચંડમનોઘટના શાલી* તરીકે ઓળખાવ્યા છે. ન્હાનાલાલે ૧૯૨૭માં એમની સુવર્ણજયંતી પ્રસંગે મુંબઈ યુનિવર્સિટીના કોન્વોકેશન હોલમાં જ એમના *એક ગુર્જર આત્માની ઘડતરકથા* વ્યાખ્યાનમાં કહ્યું હતું, *મુંબઈ યુનિવર્સિટી છે તો ન્હાનાલાલ છે.* આજે આપણે કહી શકીએ, *મુંબઈ યુનિવર્સિટી હતી તો સાક્ષરો હતા.* આ સાક્ષરોને યુનિવર્સિટીના શિક્ષણ દ્વારા પશ્ચિમની અર્વાચીન યુરોપીય સંસ્કૃતિનો પરિચય થયો હતો. એને પરિણામે પૂર્વની અર્વાચીન ભારતીય સંસ્કૃતિમાં જે કાંઈ અધમ હતું, કાલગ્રસ્ત હતું એનું ભાન થયું હતું. સાથે સાથે પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં જે કાંઈ ઉત્તમ હતું, કાલાતીત હતું એનું પણ જ્ઞાન થયું હતું. શાસક વર્ગમાં માત્ર ભારતદ્વેષી, ક્રૂર, કઠોર અંગ્રેજો જ ન હતા, એમાં કેટલાક ભારતપ્રેમી, સંસ્કારી, સજ્જન અંગ્રેજો પણ હતા. આ અંગ્રેજો વિદ્વાન હતા. એમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો અને ભારતના પ્રાચીન પ્રશિષ્ટ ગ્રંથોની સમૃદ્ધિને અંજલિ આપી હતી. એમાણે આ સાક્ષરોમાં એમના આ ભવ્ય વારસા અંગે સભાનતા પ્રેરી હતી. વિદ્વાનોની પ્રેરણાથી અને પોતાની આ સભાનતાની સહાયથી

એમણે ભારતના આત્માની શોધનો, ભારતીયતાની ખોજનો આરંભ કર્યો હતો. એમણે પ્રાચીન, પ્રશિષ્ટ ગ્રંથોનું, પ્રાચીન ભારતીય સાહિત્યનું અધ્યયન અને અધ્યાપન કર્યું હતું. એનું મનન-ચિંતન કર્યું હતું. એમણે આપણા આંતરજીવનમાં સૂક્ષ્મ આધ્યાત્મિક સુધારણાનો, ભારતીય માનસને સ્વકીય સંસ્કૃતિમાં દ્રઢમૂલ કરવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો હતો. આ પુરુષાર્થ એક પરાધીન પ્રજા માટે અધ્યાત્મિક આશ્વાસનરૂપ હતો. આ સ્વમાન અને સ્વાભિમાન માટેનો, આત્મસ્થાપના અને આત્મનિર્ભરતા માટેનો પુરુષાર્થ હતો. સાથે સાથે એમણે પશ્ચિમની પ્રાચીન અને અર્વાચીન યુરોપીય સંસ્કૃતિ અને એના સાહિત્યને આત્મસાત કરવાનો પણ એવો જ ભવ્ય પુરુષાર્થ કર્યો હતો. એમણે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓમાં જે કાંઈ ઉત્તમ હતું એનો સમન્વય કર્યો હતો. પૂર્વ અને પશ્ચિમના, પ્રાચીન અને અર્વાચીનના, પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓના આ સમન્વયમાંથી એક નૂતન અર્વાચીન ભારતીય સંસ્કૃતિનું નિર્માણ થયું હતું. આ સમન્વય એ જ ન્હાનાલાલકથ્યો વિધાતાનો સંકેત હતો. ૧૯મી સદીના અંતિમ દાયકાઓનો આ સમય *પંડિત યુગ, સાક્ષર યુગ, સમન્વય યુગ* તરીકે ઓળખાય છે.

યુનિવર્સિટીના શિક્ષણને કારણે અને આ *સમન્વય*ને કારણે સાહિત્યમાં ક્રાંતિકારી પરિવર્તન થયું હતું. સાહિત્ય પ્રત્યેના અભિગમમાં આમૂલ પરિવર્તન થયું હતું. ગુજરાતી સાહિત્યના

ઈતિહાસમાં મધ્યકાલીન યુગનો અસ્ત થયો હતો અને અર્વાચીન યુગનો આરંભ થયો હતો.

યુનિવર્સિટીમાં ફારસી સાહિત્યના પરિચયને કારણે ગુજરાતી કવિતામાં ગઝલનો પ્રવેશ થયો હતો. સંસ્કૃત સાહિત્યના પરિચયને કારણે ગુજરાતી કવિતામાં અક્ષરમેળ છંદોનો પ્રવેશ થયો હતો. મધ્યકાલીન કવિતા માત્રામેળ છંદોમાં અને મુખ્યત્વે સંગીતના રાગમાં રચાતી હતી. હવે અર્વાચીન કવિતા સંગીતના રાગોમાં નહીં પણ માત્રામેળ છંદોમાં અને વિશેષ તો અક્ષરમેળ છંદોના લયના ગાંભીર્ય અને સૌંદર્યને કારણે અક્ષરમેળ છંદોમાં રચાતી હતી.

ગુજરાતી સાહિત્ય પર અંગ્રેજી સાહિત્યનો સૌથી વધુ પ્રભાવ હતો. અંગ્રેજી સાહિત્યના પરિચયથી ગુજરાતી સાહિત્યમાં વસ્તુવિષય અને શૈલીસ્વરૂપના સંદર્ભમાં સૌથી વિશેષ પરિવર્તન થયું હતું. વિક્ટોરિયન યુગના અંગ્રેજી ચિંતનાત્મક ગદ્યસાહિત્યના પરિચયને કારણે અને સુધારણા નિમિત્તે ગુજરાતીમાં અઢળક ચિંતનાત્મક ગદ્યસાહિત્ય રચાતું હતું. એને કારણે ગુજરાતી ભાષા ફૂલીફાલી હતી.

અંગ્રેજી સાહિત્યના સર્જનાત્મક ગદ્યસ્વરૂપોની પ્રેરણાથી ગુજરાતીમાં નાટક, નવલકથા, વાર્તા, નિબંધ, વિવેચન, ચરિત્ર, પ્રવાસવર્ણન, પત્રો આદિ ગદ્યસ્વરૂપો અસ્તિત્વમાં આવ્યા હતા. *વસંત*, *જ્ઞાનસુધા*, *સુદર્શન*, *પ્રિયંવદા*, આદિ સામયિકો પ્રગટ થયાં

હતાં. આજે ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં *મિથ્યાભિમાન*, *રાઈનો પર્વત* અને *સરસ્વતીચંદ્ર* પ્રશિષ્ટ ગ્રંથો તરીકે સ્થાન પામ્યા છે.

અંગ્રેજી સાહિત્યનો ગુજરાતી સાહિત્ય પર જે પ્રભાવ હતો તેમાં ગુજરાતી કવિતા પર સૌથી વધુ પ્રભાવ હતો. મિલ્ટન અને વર્ડ્ઝવર્થના બ્લેંક વર્સની પ્રેરણાથી કવિતામાં અગેય પ્રવાહી પદ્ય અસ્તિત્વમાં આવ્યું હતું અને કવિતાનું પઠન કરવાની પરંપરાનો આરંભ થયો હતો. એથી કવિતા અને સંગીતનો કાયમનો વિચ્છેદ થયો હતો. સોનેટના કાવ્યસ્વરૂપનો પ્રવેશ થયો હતો. શેલી, કીટસ આદિ રોમેન્ટિક કવિઓની ઊર્મિકવિતાની પ્રેરણાથી ગુજરાતી કવિતામાં એક નવા પ્રકારનું ઊર્મિકાવ્ય – લિરિક – અસ્તિત્વમાં આવ્યું હતું. ગુજરાતીમાં કથાકાવ્ય કે પદ્યનાટક રચાયું ન હતું. એથી ગુજરાતીમાં મુખ્યત્વે ઊર્મિકવિતાનું જ અસ્તિત્વ હતું. એથી કવિની અંગત ઊર્મિઓ અને અનુભૂતિઓની આત્મલક્ષી સ્વાનુભવની કવિતા રચાતી હતી. કવિનું સ્વતંત્ર વ્યક્તિત્વ સિદ્ધ થયું હતું. પ્રેમ અને પ્રકૃતિનું સ્વતંત્ર વિષયો તરીકે આલેખન થયું હતું. માત્ર કવિતા જ નહીં પણ આ સમયનું ગદ્યસ્વરૂપોના સાહિત્ય સમેતનું સમગ્ર ગુજરાતી સાહિત્ય ધર્મનિરપેક્ષ અને બિનસાંપ્રદાયિક સાહિત્ય હતું. એમાં પરલોકના જીવનની નહીં, ઈહલોકના જિવાતા જીવનની કવિતા હતી, એમાં સમકાલીન સમયની સભાનતા અને સંવેદના હતી. એથી આ સમયમાં જે યુગનો આરંભ થયો હતો તે યુગ *અર્વાચીન યુગ*

તરીકે ઓળખાય છે. આજે ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં *પૂર્વાલાપ*, *ભણકાર* અને *ચિત્રદર્શનો* પ્રશિષ્ટ ગ્રંથો – ક્લાસિક – તરીકે સ્થાન પામ્યા છે. ૧૯મી સદીના ગુજરાતની સાંસ્કૃતિક અને સાહિત્યિક આબોહવાની સર્વશ્રેષ્ઠ ઉપલબ્ધિ તો છે ગોવર્ધનરામનું ગદ્યદેહે વિચરતું મહાકાવ્ય *સરસ્વતીચંદ્ર*.

આ વક્તવ્યમાં ૧૯મી સદીના ગુજરાતની સાંસ્કૃતિક અને સાહિત્યિક આબોહવાનું નિરીક્ષણ છે. અનુગામી વક્તવ્યોમાં આજે હવે એક સદી અને દોઢ દાયકાના સમય પછી એ આબોહવાનું વિશ્લેષણ અને પરીક્ષણ હશે એ આશા અને અપેક્ષા સાથે વિરમું છું.